## SYBCOM (Semester- IV)

## Unit-1 Contract Costing

**Q-1** શ્રી 'એ' એ કરાર નંબર 555 તા.1.1 2019ના રોજ રૂ. 2,00,000ની કિંમતે સ્વીકાર્યો. તા.31. 3. 2019 ના રોજ પૂરા થતા વર્ષ અંગેની વિગતો નીચે મુજબ છે :

| વિગત | રૂ. |
|---|---|
| ગ્રાહક પાસેથી મળેલી રોકડ ( પ્રમાણિત કામના 75%) | 30,000 |
| ચૂકવેલ મજુરી | 15,000 |
| માલસામાન | 20,000 |
| અન્ય ખર્ચ | 3,000 |
| મોકલેલ યંત્ર ( 1-1-2018 ના રોજ) | 20,000 |
| બિન પ્રમાણિત કામ | 1,100 |
| જગ્યા પર વણવપરાયેલ માલસામાન | 800 |
| ચઢેલ પરંતુ ચૂકવવાની બાકી મજૂરી | 600 |

યંત્ર પર 10% ઘસારો ઘણો. બિન પ્રમાણિત કામ તેની પડતર કિંમત કરતાં 10%વધુ કિંમતે ગણવામાં આવ્યું હતું. શ્રી અ ના ચોપડામાં કરાર ખાતું તૈયાર કરો.

**Q-2** એક બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર એ રૂ. 5,00,000ની કિંમતે એક કરાર લીધો અને તા. ૧લી એપ્રિલ, ૨૦૦૯થી કામ શરૂ કર્યું. તા. 31 માર્ચ,2019 સુધી કરારની વિગતો નીચે મુજબ છે:

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| જગ્યા ઉપર ના યંત્રો | 30,000 | આર્કિટેક્ટ દ્વારા પ્રમાણિત થયેલું કામ | 3,90,000 |
| જગ્યા ઉપર મોકલેલ માલ | 1,70,698 | મળેલ રોકડ | 3,60,000 |
| જગ્યા ઉપર મજુરી | 1,48,750 | પ્રમાણિત નહીં થયેલ કામ ની પડતર | 9,000 |
| સીધા ખર્ચા | 6,334 | તા31-3-2018 ના રોજ માલસમાન | 3.766 |
| ફાળવેલ આડકતરા ખર્ચા | 8,252 | તા 31-3-2018 ના રોજ નહીં ચૂકવાયેલ મજુરી | 5,380 |
| જગ્યા ઉપરથી સ્ટોર્સમાં પરત કરેલ માલસામાન | 1,098 | તા 31-3-2018 ના રોજ યંત્રની કિંમત | 22,000 |

કરાર ખાતું તૈયાર કરો. મળેલ નફાનો ⅔ ભાગ રોકડના ધોરણે નફા નુકસાન ખાતે લઈ જાઓ.

**Q-3** શ્રેયાંસ કન્સ્ટ્રકશન કંપનીના કરારની ખાતાવહીમાં તા. 31. 12. 2019 ના રોજ નીચે પ્રમાણે વ્યવહારોની તારી જ આપેલી છે:

| વિગત | રૂ. |
|---|---|
| સીધો માલસામાન | 60,000 |
| સ્ટોર્સ માંથી મોકલેલ માલ સામાન | 40,000 |
| મજુરી | 30,000 |
| પ્રત્યક્ષ ખર્ચા | 15,000 |
| પેટા કરાર ખર્ચ | 19,000 |
| તા 1.1.09 ના રોજ મોકલેલ યંત્ર ( રૂ. 20,000ના ખાસ યંત્ર સહિત) | 60,000 |
| ભંગાર નું વેચાણ | 6,000 |

વધારાની માહિતી:

1. તા 31. 12. 2019 ના રોજ ચઢેલ મજૂરી રૂ.10,800 અને પ્રત્યક્ષ ખર્ચા રૂ. 6,000.
2. બીન પ્રમાણિત કામની પડતર પ્રમાણિત કામના 1/10 છે.
3. તા. 30. 9.2019 ના રોજ ખાસ યંત્ર આગથી નાશ પામ્યુ હતું અને વીમા કંપનીએ રૂ. 8,000 માં દાવો સ્વીકાર્યો.
4. તા 30. 6. 2019 ના રોજ રૂ. 16,000 ની કિંમતનુ યંત્ર રૂ. 15,000 માં વેચવામાં આવ્યું હતું.
5. રૂ. 4,000ની કિંમતનો માલસામાન આગથી અંશતઃ નાશ પામ્યો હતો અને તેને રૂ. 1,600 માં વેચવામાં આવ્યો
6. તા. 31.12.199 ના રોજ જગ્યા પર માલસામાન ની કિંમત રૂ. 2000.
7. પ્રમાણિત કામના 75% લેખે રૂ.1,80,000ની રોકડ મળી હતી.
8. કરાર કિંમત રૂ. 3,00,000 છે.
9. યંત્ર પર ઘસારો વાર્ષિક 10% લેખે ગણવાનો છે.
10. નફો વૈજ્ઞાનિક ધોરણે નફા નુકસાન ખાતે લઈ જાઓ

જરૂરી ગણતરીઓ સાથે કરાર ખાતું તૈયાર કરો.

**Q-4 (a)** શ્રેયસ કન્સ્ટ્રક્શન કંપની એ રૂ. 25,00,000 કિંમત એ વિદ્યાનગરમાં ફાર્મસી કોલેજનું બિલ્ડીંગ બાંધવા માટે કરાર લીધો. તા.1.4. 2017ના રોજ કામ શરૂ કરવામાં આવ્યું અને તા. 31. 12.2017 સુધીમાં થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| | રૂ. |
|---|---|
| માલસામાન | 3,50,000 |
| મોકલેલ યંત્ર (1.4.2017) | 2,25,000 |

| | |
|---|---|
| ચૂકવેલ મજુરી | 5,12,500 |
| ખર્ચ | 81,250 |
| પરોક્ષ ખર્ચા | 45,000 |
| પેટા કરાર ખર્ચ | 30,000 |

નીચે પ્રમાણે ની માહિતી આપવામાં આવેલ છે:

1. તા. 31. 12.2017 ના રોજ ચૂકવવાની બાકી મજૂરી રૂ.18,750 અને પરોક્ષ ખર્ચા રૂ.12,500.
2. રૂ. 12500 ની કિંમત નો માલ અકસ્માતથી નાશ પામ્યો અને તેના ભંગારના રૂ. 6,000 ઉપજ્યા.
3. મોકલેલ યંત્ર માંથી રૂ. 45,000ની પડતર કિંમતનું એક યંત્ર તા. 30. 6.2017 ના રોજ રૂ 36000 માં વેચવામાં આવ્યું હતું જ્યારે રૂ.25,000ની કિંમતનું એક યંત્ર તા.1.10.2017ના રોજ આગથી બળી ગયુ. અને વીમા કંપનીએ તે અંગે રૂ. 20,000 દાવો સ્વીકાર્યો.
4. ઉપર આપેલા વ્યવહારોના સારાંશ માં કામ પ્રમાણિત થયા પછી ચૂકવેલ મજુરી રૂ. ૨૦,૦૦૦ અને અન્ય ખર્ચાઓ રૂ. 10,000 હતા .જ્યારે મલસામાનની કિમત રૂ.15,000 હતી.
5. પ્રમાણિત કામના 90% લેખે રૂ. 12,60,000ની રોકડ મળી હતી.
6. તા.31.12.2017ના રોજ જગ્યા પર વધેલા માલસામાન રૂ 28,125 હતો.
7. યંત્ર પર 10% લેખે ઘસારો ગણો.
8. નફો વૈજ્ઞાનિક ધોરણે નફા નુકસાન ખાતે લઈ જવો.

કરાર ખાતું તૈયાર કરો.

**Q-4 (b)** નીચેના પરથી બિન પ્રમાણિત કામ ની પડતર શોધો:

કરાર કિંમત રૂ. 12,00,000 છે. તે તા.1.1.17ના રોજ શરૂ કરવામાં આવ્યો હતો. તા. 31. 12.2017 સુધીમાં ⅗ કાર્ય થયેલ હતું જ્યારે થયેલ કામ ની કુલ પડતર રૂ. 5,40,000 છે. પ્રમાણિત કામના 75% લેખે રૂ. 4,80,000 રોકડ મળેલ હતી.

**Q-5** મેહુલ લિમિટેડે તા.1.1.2017ના રોજ કરાર પર કાર્ય શરૂ કર્યું હતું. કરાર કિંમત રૂ. 5,00,000 હતી. પણ મેહુલ લિમિટેડે તે રૂ. 4,50,000 માં સ્વીકાર્યો હતો. નક્કી કરવામાં આવ્યું હતું કે કુલ નફો અંદાજવો અને પૂર્ણ થયેલ કામના પ્રમાણમાં અંદાજિત નફો રોકડ ના ધોરણે નફા નુકસાન ખાતે લઈ જવો. તા.31.12.2017 સુધીમાં ખરેખર થયેલ કુલ ખર્ચ અને 2018ના અંદાજીત ખર્ચ અંગેની માહિતી નીચે મુજબ છે:

| ખર્ચ | 31.12.17 સુધીમાં થયેલ ખરેખર ખર્ચ (રૂ.) | વર્ષ 2018 માટે અંદાજેલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| માલસામાન | 75,000 | 1,30,000 |
| મજુરી | 55,000 | 60,000 |
| ખરીદેલ પ્લાન્ટ( પડતર કિંમત) | 40,000 | ---- |
| પરચુરણ ખર્ચ | 20,000 | 35,500 |
| તા 31 12 17 ના રોજ સ્ટોર્સમાં પરત ફરેલ પ્લાન્ટ ( પડતર કિંમત) | 10,000 | 25,000 |
| જગ્યા પર માલસામાન | 5,000 | -- |
| પ્રમાણિત કામ | 2,00,000 | પૂરેપુરું |
| બિન પ્રમાણિત કામ | 7,500 | -- |
| મળેલ રોકડ | 1,80,000 | પૂરેપુરું |

પ્લાન્ટ પર વાર્ષિક પડતર કિંમત ના 20% લેખે ઘસારો ગણો. અંદાજ મુકવામાં આવેલ છે કે તા. 30.09.2018 ના રોજ કરાર પૂરો થઈ જશે. કંપની સમયના પ્રમાણમા ઘસારાની જોગવાઈ કરે છે. તા. 31. 12.2017 ના રોજ પૂરા થતાં વર્ષ માટે કરાર ખાતું તૈયાર કરો અને જરૂરી ગણતરીઓ પણ દર્શાવો.

**Q-6** રુચા કન્સ્ટ્રકસન કંપની લિમિટેડે એક બિલ્ડીંગ બાંધવાનો કરાર રૂ. 1,80,00,000ની કરાર કિંમતએ સ્વીકાર્યો. કરાર આપનારે પ્રમાણિત કામના 82% લેખે ચૂકવણી કરવાની છે અને બાકીની રકમ કરાર પૂર્ણ થયા પછી ચૂકવવાની છે. તા.1લી એપ્રિલ, 2015ના રોજ મકાન પર કાર્ય શરૂ કરવામાં આવ્યુ હતું. અને તા. ૩૧મી માર્ચ, 2016 ના વર્ષ માટે ની નીચે પ્રમાણે ની માહિતી આપેલ છે:

1. તા. 31. 3.2016 સુધીમાં કરાર માંથી મળેલ રકમ રૂ.56,17,000
2. તા. 31. 3.2016 ના રોજ બિનપ્રમાણિત કામ રૂ. 5,53,000
3. તા. 31. 3.2016 ના રોજ વપરાયેલ માલસામાન રૂ. 1,57,000
4. તા. 31. 3.2016 ના રોજ જગ્યા પર પ્લાન્ટ( ઘસારા બાદ કિંમત) રૂ.8,50,000
5. તા. 31. 3.2016 ના રોજ ચઢેલ પરંતુ નહીં ચૂકવાયેલ મજુરીરૂ.2,80,000
6. વર્ષ 2015-16 નો અનામત નફો રૂ. 3,60,000

તા 31. 3. 2017 ના રોજ પૂરા થતાં વર્ષ માટે કરાર અંગે ની માહિતી નીચે મુજબ છે:

| | રૂ. |
|---|---|
| મોકલેલ માલ સામાન | 25,20,000 |

| | |
|---|---|
| અન્ય કરાર પર મોકલેલ માલ સામાન | 4,20,000 |
| અન્ય કરાર પરથી મળેલ માલસામાન | 10,04,000 |
| કરાર માટે ફાળવેલ પરોક્ષ ખર્ચ | 5,50,000 |
| સ્ટોર્સમાં પરત કરેલ માણસામાં | 45,000 |
| ફુટ દીઠ રૂ. ૧૫ના દરે ખરીદેલ 1,000 ફૂટ પાણીની પાઇપ જગ્યા પરથી ચોરાઈ ગયેલ હતી | |
| માલસામાન વેચાણનું નફો ( પડતર કી. ના 25% લખે) | 15,000 |
| ચૂકવેલ મજુરી | 10,37,000 |
| અન્ય ખર્ચા | 2,53,000 |
| તા 1.12.2016 ના રોજ મોકલેલ અન્ય પ્લાન્ટ | 1,80,000 |
| તા 31.3.2017 ના રોજ પ્રમાણિત કામ | 1,30,00,000 |
| તા 31.3.2017 ના રોજ વણવપરાયેલ માલસામાન | 5,83,750 |
| તા 31.3.2017 ના રોજ ચઢેલ પરંતુ નહીં ચૂકવાયેલ મજુરી | 63,000 |

1. ઘટતી જતી બાકીની પદ્ધતિ પ્રમાણે પ્લાન્ટ પર 12.5% લેખે ઘસારો કરવો.
2. તારીખ 31.3.2017ના રોજ થયેલ પરંતુ પ્રમાણિત નહિ કરેલ કામની પડતર રૂ. 5,74,000 હતી જે પાછળથી રૂ. 6,00,000માં પ્રમાણિત કરવામાં આવી હતી.
3. કરાર લેનાર ⅔ નફો રોકડ ના ધોરણે નફા નુકસાન ખાતે લઇ જાય છે.

તા 31.3.17. ના રોજ પૂરા થતા વર્ષ માટેનું કરાર ખાતર તૈયાર કરો.

**Q-7** એક કંપનીએ પુલ બાંધવાનો કરાર સ્વીકાર્યો. તારીખ 31. 3. 2016 ના રોજ પૂરા થતા વર્ષ માટે આ પુલ અંગેની વિગતો નીચે પ્રમાણે છે:

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| સ્ટોર્સમાંથી પૂરો પાડેલ માલસામાન | 1,00,000 | તારીખ 31 માર્ચ, 2016ના રોજ હાથ પર માલસામાન | 5,000 |
| કામદારોનીમજુરી | 60,000 | તારીખ 31 માર્ચ 2006ના રોજ ચડેલ મજુરી | 3,000 |
| મોકલેલ યંત્ર | 1,00,000 | વધારાના કરેલ કામની પડતર | 2,000 |
| સીધા ખર્ચા | 35,000 | વધારાના કામ માટે મળેલ રોકડ | 3,000 |
| અન્ય પરોક્ષ ખર્ચા | 10,000 | પ્રમાણિત કામ ની કિંમત | 2,50,000 |
| ચોરાયેલ માલ સામાન | 2,000 | અપ્રમાણિત કામ ની પડતર | 15,000 |

કરાર તારીખ 1 એપ્રિલ 2015 ના રોજ શરૂ કરવામાં આવ્યો હતો અને તેજ તારીખે યંત્ર પણ મોકલવામાં આવ્યુ હતું. અને તેના પર વાર્ષિક 15% લેખે ઘસારો ગણવાનો છે. પ્રમાણિત કામના 80% લેખે કરારમાંથી રોકડ મળેલ હતી.

તમારે તૈયાર કરવાનું છે:

1. કરાર ખાતુ
2. નફા નુકસાન ખાતે લઈ જવાના નફાની ગણતરી કરો જો,
   a. કરાર કિંમત રૂ.12,00,000 હોય તો
   b. કરાર કિંમત રૂ.8,00,000 હોય તો

**Q-8** રામ કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડે એક મકાન બાંધવા નો કરાર રૂ. 15,00,000ની કિંમતે સ્વીકાર્યો. કરાર લેનારને પ્રમાણિત કામના 75% લેખે રોકડ મળે છે અને બાકીની રકમ કરાર પૂર્ણ થયા પછી ચૂકવવાની છે. મકાન પર કામકાજ 1લીજાન્યુઆરી, 2013ના રોજ શરૂ કરવામાં આવ્યુ હતું અને તારીખ 31 ડિસેમ્બર, 2013ના રોજ પૂરા થતા વર્ષ માટેની માહિતી નીચે મુજબ છે:

તા.31.12.2013 સુધીમાં મળેલ રોકડ રૂ.3,37500
તા.31.12.2013ના રોજ બિન પ્રમાણે કામ રૂ. 30,000
તા.31.12.2013ના રોજ જગ્યા પર નહીં વપરાયેલ માલસામાન રૂ. 9,500
તા.31.12.2013 ના રોજ જગ્યા પર પ્લાન્ટ( ઘસારા બાદ કિંમત) રૂ.25,500
તા.31.12.2013 ના રોજ ચઢેલ પરંતુ નહીં ચૂકવેલ મજૂરી રૂ.2,600
વર્ષ 2013 નો અનામત નફો રૂ. 25,000
તા.31.12.2014 ના રોજ પૂરા થતાં વર્ષ માટે નીચે પ્રમાણે માહિતી આપવામાં આવેલ છે:

| | રૂ. | | |
|---|---|---|---|
| પૂરો પાડેલ માલસામાન | 1,70,000 | ચૂકવેલ મજુરી | 90,200 |
| અન્ય કરાર પર મોકલેલ માલ સામાન | 32,000 | અન્ય ખર્ચ | 11,800 |
| અન્ય કરાર પરથી મળેલ માલ સામાન | 95,000 | તા.1.9.2014ના રોજ મોકલેલ અન્ય પ્લાન્ટ | 12,000 |
| કરાર માટે ફાળવેલ પરોક્ષ ખર્ચ | 45,000 | તા31.12.2014 ના રોજ પ્રમાણિત કામ | 10,00,000 |
| સ્ટોર્સમાં પરત કરેલ માલસામાન | 3,200 | તા31.12.2014 ના રોજ જગ્યા પરનહીં વપરાયેલ માલસામાન | 23,925 |
| જગ્યા પરથી ચોરાઈ ગયેલ માલ સામાન( પ.કી.) | 2,800 | તા31.12.2014 ના રોજ ચઢેલ પરંતુ નહીં ચૂકવાયેલ મજુરી | 7,400 |
| માલ સામાન નુ વેચાણ ( પ.કી.રૂ. 6800) | 8,000 | | |

પ્લાન્ટ પર 15% લેખે ઘસારો  ગણો.  તા. 31. 12. 2014ના રોજ પ્રમાણિત નહીં થયેલ કામ ની પડતર રૂ 27,000 હતી જે પાછળથી રૂ.30,000માં પ્રમાણિત કરવામાં આવી હતી.  કરાર લેનાર રોકડ ના ધોરણે ⅔ નફો નફા નુકસાન ખાતે લઇ જાય છે. તા.31. 12. 2014 ના રોજ પૂરા થતા વર્ષ માટેનું કરાર ખાતું અને ચાલુ કામ ખાતું તૈયાર કરો.

**Q-9 (a)** દીપ કન્સ્ટ્રક્શન કંપની આણંદમાં એક કોમર્સ કોલેજનું મકાન બાંધવા નો કરાર રૂ. 20,00,000 કિંમતે સ્વીકાર્યો. તેના પર તા. 1. 4. 2013ના રોજ કાર્ય શરૂ કરવામાં આવ્યું અને તા.31. 12. 2013 સુધી થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે:

| | રૂ. |
|---|---|
| માલસામાન | 2,80,000 |
| મોકલેલ યંત્ર (1.4.2013) | 1,80,000 |
| ચૂકવેલમજુરી | 4,10,000 |
| પ્રત્યક્ષ ખર્ચ | 65,000 |
| પરોક્ષ ખર્ચ | 36,000 |
| પેટા કરાર ખર્ચ | 24,000 |

નીચે પ્રમાણે ની માહિતી આપવામાં આવેલ છે:

1. તા.31.12.13 ના રોજ ચૂકવવાની બાકી મજૂરી રૂ. 15000 અને પ્રત્યક્ષ ખર્ચ રૂ. 10,000.
2. રૂ. 10,000 ની કિંમતનો માલસામાન અકસ્માતથી નાશ પામ્યો અને તેના ભંગારમાંથી રૂ. 4000 રૂ. ઉપજ્યાં.
3. મોકલેલ યંત્રમાંથી રૂ. 30,000ની પડતર કિંમતનું એક યંત્ર તા.30. 6. ૨૦૧૩ના રોજ રૂ. 24,000માં વેચવામાં આવ્યુ. જ્યારે તા. 1. 10. 2013ના રોજ રૂ.20,000ની પડતર કિંમત નું એક યંત્ર આગથી બળી ગયુ અને વીમા કંપનીએ  રૂ. 15000 નો દાવો સ્વીકાર્યો.
4. ઉપરના વ્યવહારોની તારીજ માં કામ પ્રમાણિત કર્યા પછી મજુરી રૂ. ૧૬,૦૦૦ અને રૂ. 8,000 અન્ય ખર્ચ છે. કામ પ્રમાણિત કર્યા પછી વપરાયેલ મલસામાનની કિમત રૂ.12,000 હતી.
5. પ્રમાણિત કામના 90% લેખે રૂ. 10,08,000 રોકડ મળી હતી.
6. તા. 31. 12. 2013ના રોજ જગ્યા પર રહેલ માલ સામાનની કિંમત રૂ.  22,600  હતી.
7. યંત્ર પર 10% ઘસારો ગણો.
8. રોકડના ધોરણે 2/3નફો નુકસાન ખાતે લઇ જાવ

કરાર ખાતું તૈયાર કરો.

**Q-9 (b)** નીચે આપેલ માહિતી પરથી બિન પ્રમાણિત કામની પડતર શોધો.

કરાર કિંમત રૂ. 9,00,000 છે. તેના પર કાર્ય તા. 1.1. 2013ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. તા. 31. 12. 2013 સુધીમાં 3/5 કાર્ય પૂર્ણ થયેલ છે. જ્યારે થયેલ કામની કુલ પડતર રૂ. 4,05,000 છે. રોકડ રૂ. 3,60,000 મળેલ છે જે પ્રમાણિત કામના 75% છે.

**Q-10** એક કોન્ટ્રાક્ટરે રૂ. 20,00,000ની કિંમતનો કરાર લીધો. તેના પર કામ તા. 1. 4. 2012 ના રોજ શરૂ કર્યું. હિસાબી વર્ષ તા. 31. 12. 2012 ના રોજ પૂરું થાય છે. કરારને લગતી માહિતી નીચે મુજબ છે:

| | રૂ. |
|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | 4,40,000 |
| સ્ટોર્સમાંથી પૂરો પડેલ માલસામાન | 60,000 |
| મજુરી | 2,50,000 |
| પ્રત્યક્ષ ખર્ચ | 14,000 |
| પરોક્ષ ખર્ચ | 24,000 |
| આર્કિટેક્ટ ફી | 16,000 |
| પેટા કરાર ફી | 8,000 |
| વહીવટી અને અન્ય ખર્ચ | 12,000 |
| સ્ટોર્સમાં પરત કરેલ માલસામાન | 20,000 |
| મોકલેલ યંત્ર (1.1.12) | 2,00,000 |
| Scrap sold વેચેલ ભંગાર | 1,200 |

વધારાની માહિતી:

1. મોકલેલ માલ સામાન માંથી રૂ. 20,000નો માલસામાન તરત જ રૂ. 15000 માં વેચવામાં આવ્યો.
2. તા. 31. 12. 2012 ના રોજ ચૂકવવાની બાકી મજૂરી રૂ. 12000 અને પ્રત્યક્ષ ખર્ચ રૂ. 4,000 હતા
3. તા. 30. 6. 2012 ના રોજ રૂ. 32,000ની કિંમતનું એક યંત્ર અન્ય કરાર પર મોકલવામાં આવ્યું.
4. તા. 31. 7. 2012 ના રોજ રૂ. 36,000ની કિંમતનું એક યંત્ર આગથી બળી ગયુ અને વીમા કંપનીએ તે અંગે રૂ. 24,000નો દાવો મંજૂર કર્યો.
5. તા. 1. 10. 2012 ના રોજ રૂ. 12,000નું એક યંત્ર રૂ.11,200 વેચવામાં આવ્યું.
6. યંત્ર પર 10% ઘસારો ગણો.
7. બિન પ્રમાણિત કામની પડતર રૂ.50,000 હતી.

8. તા.31.12.12 ના રોજ જગ્યા પર માલસામાન ની કિંમત રૂ. 40,000 હતી
9. પ્રમાણિત કામના 80%પ્રમાણે રૂ. 9,20,000ની રોકડ મળી હતી

વૈજ્ઞાનિક ધોરણે નફા નુકસાન ખાતે નફો લઈ જાઓ અને  કરાર હતું તૈયાર કરો

**Q-11** 1લી જાન્યુઆરી, 2009ના રોજ શ્રી ક્રિષ્ના કંપનીએ એક મકાન બાંધવા માટે નો કરાર રૂ.6,30,000ની કિંમતે લીધો. તા. 31. 12. 2000 સુધીની નીચે પ્રમાણે ની માહિતી આપવામાં આવેલ છે:

| | રૂ. |
|---|---|
| સ્ટોરમાં થી પૂરો  પાડેલ માલસામાન | 1,65,500 |
| કરાર માટે સીધો ખરીદેલ માલસામાન | 54,500 |
| મોકલેલ  પ્લાન્ટ(1.4.2000) | 40,000 |
| ચૂકવેલ મજુરી | 50,500 |
| નિરીક્ષણ ખર્ચ | 18,000 |
| ચૂકવવાની બાકી મજૂરી | 4,500 |
| અન્ય ખર્ચ | 6,000 |
| સ્ટોર્સમાં પરત કરેલ માલસામાન | 2,000 |
| પેટા કરારની પડતર | 1,425 |
| અન્ય કરાર પર મોકલેલ માલ સામાન | 40,000 |
| તા31.12.2000 ના રોજ નહિ વપરાયેલ માલસામાન | 15,000 |
| અન્ય કરાર પરથી મળેલ માલસામાન | 20,000 |
| ગ્રાહક પાસેથી મળેલ રોકડ( પ્રમાણિત કામના 80%) | 2,40,000 |

તા. 30. 6. 2000 ના રોજ રૂ. 3,000ની કિંમતનો એક પ્લાન્ટ આગથી નાશ પામ્યો અને વીમા કંપનીએ રૂ. 2,000 નો દાવો સ્વીકાર્યો. તા. 30. 9. 2000 ના રોજ રૂ. 2,500 ની પડતર કિંમતનો એક પ્લાન્ટ અને રૂ. 1,500ની પડતર કિંમતનો માલ સામાન અનુક્રમે રૂ. 2,25,0 અને રૂ. 750માં વેચવામાં આવ્યો. યંત્ર પર વાર્ષિક 20%લેખે ઘસારાની જોગવાઈ કરો. રોકડના ધોરણે 2/3નફો નફા નુકસાન ખાતે લઈ જાઓ. કરાર ખાતું તૈયાર કરો

**Q-12** તા. 31 માર્ચ, 2017 ના રોજ કરાર નં.7 અંગે નીચે પ્રમાણે કરારના વ્યવહારોની તારીજ આપેલ છે

| | રૂ. |
|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | 60,000 |
| સ્ટોર માંથી મળેલ  માલ સામાન | 13,000 |

| | |
|---|---|
| પ્લાન્ટ | 68,400 |
| મજુરી | 34,600 |
| પ્રત્યક્ષ ખર્ચ | 13,400 |
| સ્થાપના ખર્ચ | 16,000 |
| ભંગાર નું વેચાણ | 3,640 |
| પેટા કરારની પડતર | 1,425 |

નીચે પ્રમાણે માહિતી આપવામાં આવેલ છે:

1. તા. 31. 3. 2018 ના રોજ ચઢેલ મજુરી રૂ. 1,600 અને પ્રત્યક્ષ ખર્ચ રૂ. 2,200.
2. તા.31. 3. 2017 સુધીનો પ્લાન્ટ પર નો ઘસારો રૂ. 17100 છે
3. ઉપરના વ્યવહારો ની તારીજ માં કામ પ્રમાણિત કર્યા પછી મજુરી રૂ. 2000 અને અન્ય ખર્ચ રૂ. 3000 સમાયેલ છે જ્યારે કાર્ય પ્રમાણિત થયા પછી વપરાયેલ માલ સામાનની કિંમત રૂ. 4160 છે.
4. તા.31. 3. 2018 ના રોજ કઈ જગ્યા પરના માલ સામાન ની પડતર કિંમત રૂ. ૨૦,૦૦૦ છે
5. તા.31. 3. 2018 સુધીમાં રૂ. 1,25,000 નું કાર્ય પ્રમાણિત થયેલ છે જ્યારે કરારનો 3/8 ભાગ અપૂર્ણ છે
6. કુલ કરાર કિંમત રૂ. 2,00,000 છે.

કરાર ખાતું તૈયાર કરો

**Q-13 (a)** તા. 1 લી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ વિદિત કન્સ્ટ્રક્શન કંપની એ એક મકાન બાંધવાનું કરાર રૂ.6,00,000ની કિંમતે સ્વીકાર્યો. તા. 31. 12. 2009 ના રોજ પુરા થતા વર્ષ માટેની તેની ખાતાવહીમાંથી નીચે પ્રમાણે ની માહિતી મળેલ છે:

| | રૂ. |
|---|---|
| સ્ટોર્સ માટે મળેલ માલસામાન | 1,50,000 |
| કરાર માટે સીધો ખરીદેલ માલસામાન | 70,000 |
| ( તા. 1.4.2009 ના રોજ) મોકલેલ પ્લાન્ટ | 40,000 |
| ચૂકવેલ મજુરી | 50,000 |
| નિરીક્ષણ ખર્ચ | 20,000 |
| ચૂકવવાની બાકી મજૂરી | 5,000 |
| અન્ય ખર્ચ | 4,000 |
| સ્ટોર્સમાં પરત કરેલ મારે સામાન | 2,000 |

| | |
|---|---|
| પેટા કરાર ખર્ચ | 425 |
| અન્ય કરાર પર મોકલેલ માલ સામાન | 40,000 |
| તા31.12.2004 ના રોજ નહિ વપરાયેલ માલસામાન | 15,000 |
| અન્ય કરાર પરથી મળેલ મારી સામાન | 20,000 |
| ગ્રાહક પાસેથી મળેલી રોકડ ( પ્રમાણિત કામના 80%) | 2,40,000 |

તા 30. 6. 2009 ના રોજ રૂ. 3,000ની કિંમતનો એક પ્લાન્ટ આગથી નાશ પામ્યો અને ઇન્શ્યોરન્સ કંપની રૂ. 2000 માં દાવો સ્વીકાર્યો. તા 30. 9. 2009 ના રોજ રૂ. 2500 ની પડતર કિંમત નો એક પ્લાન્ટ અને રૂ. 1,500ની પડતર કિંમત નો માલ સામાન અનુક્રમે રૂ.2250 અને રૂ. 750 માં વેચ્યા હતા. પ્લાન્ટ પર વાર્ષિક 20% લેખે ઘસારો ગણવો. નફા નુકસાન ખાતે રોકડના ધોરણે 2/3 નફો લઈ જવો. તા. 31. 12. 2009ના રોજ પૂરા થતા વર્ષ માટેનો કરાર ખાતું તૈયાર કરો.

**Q-13 (b)** કરાર કિંમત રૂ. 12,00,000 છે. તા. 31. 12. 2009 સુધીમાં ¾ કાર્ય પૂર્ણ થયેલ છે પરંતુ આર્કિટેક્ટે ⅗ કાર્ય પ્રમાણિત કરેલ છે. જ્યારે થયેલ કામનિ કુલ પડતર રૂ. 6,00,000 છે. બિન પ્રમાણિત કામ ની પડતર ગણો.

**Q-14 (a)** એક કોન્ટ્રાક્ટરે રૂ. 750000 માં મકાન બાંધવા નો કરાર લીધો. તે પ્રમાણિત કામના 90% લેખે રોકડ મેળવે છે. તેણે તારીખ 1.1. 18 ના રોજ કાર્ય શરૂ કર્યું હતું . વર્ષ દરમિયાન થયેલ ખર્ચ- પ્લાન્ટ અને યંત્રો રૂ. 70,000, માલસામાન રૂ. 2,00,000, પગાર અને મજુરી રૂ. 1,50,000 અને પરચુરણ ખર્ચ રૂ. 70,000.

રૂ. 20,000 ની કિંમતનો એક પ્લાન્ટ ઉપયોગમાં આવે તેવો ન હોવાથી રૂ. 5000 નાં નફાથી વેચવામાં આવ્યો હતો. તા. 31. 12.98 ના રોજ જગ્યા પર રૂ. 40000 ની કિંમત નો પ્લાન્ટ અને યંત્ર અને રૂ. 30,000ની કિંમત નો માલ સામાન હતા

તેણે પ્રમાણિત કામના 90%લેખે રૂ. 4,38,75,0 રોકડ મેળવી હતી. વર્ષ 2018 દરમિયાન, કરાર પર કાર્ય પૂર્ણ થયા પછી ઉદભવેલ નફામાંથી અમુક નફો પ્રમાણિત કામના પ્રમાણમાં નફા નુકસાન ખાતે લઈ જવાનો છે અને બાકી નું કાર્ય પૂર્ણ કરવા માટેના કેટલાક વધારાના ખર્ચ અંગેના અંદાજો નીચે મુજબ છે:

1. કરાર હવે પછીના છ માસમાં પૂર્ણ થઈ જશે.
2. કાર્ય પૂર્ણ થયા પછી રૂ. 5,000ની કિંમતનો પ્લાન્ટ વધશે.
3. તારીખ 31. 12. 18 ના રોજ સ્ટોકમાં રહેલ ઉપરાંત, રૂ. 1,00,000ની કિંમતનો માલસામાન અને રૂ.20,000ની કિંમતના પ્લાન્ટ ની જરૂર પડશે.

4. તારીખ 30. 6. 2019 ના રોજ પૂરા થતાં વધારાના છ માસ દરમિયાન, મજૂરી અને પગાર નો ખર્ચ રૂ. 80,000 થશે .
5. પરચુરણ ખર્ચ ગત વર્ષ જેટલા જ થશે.
6. સંશોધિત ખર્ચ કુલ પડતર( સંશયિત ખર્ચ સિવાય) ના 2.5 ટકા લેખે જોગવાઈ કરો.

તારીખ 31 12 18 ના રોજ પૂરા થતા વર્ષ માટેનો કરાર ખાતુ તૈયાર કરો.

**Q-14(b)** એક કરાર નો કુલ નફો આવતા વર્ષે કરાર પૂર્ણ થયા પછી રૂ. 1,80,000 અંદાજવામાં આવેલ છે. કુલ કરાર કિંમત રૂ. 90000 છે અને ચાલુ વર્ષનું પ્રમાણિત કામ રૂ. 750000 છે. જો ચાલુ વર્ષમાં કરારનો નફો રૂ. 1, 53000 હોય તો નફો નુકસાન ખાતે લઇ જવાની રકમની ગણતરી કરો.

BJVM